Extra No. 37

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLV] TUESDAY, MARCH 30, 2004/CAITRA 10, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IX**

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી માર્ચ, ૨૦૦૪.

તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૪ના ગુજરાત સરકારી રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**ડી. ડી. ઉપાધ્યાય,**
સરકારના નાયબ સચિવ.

**GUJARAT ACT NO. 11 OF 2004.**

**THE GUJARAT SPECIAL ECONOMIC ZONE ACT, 2004.**

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ સન ૨૦૦૪ના માર્ચ મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

એસ. એસ. પરમાર,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 11 OF 2004.

**AN ACT**

*to Provide for the operation, maintenance, management and administration of a Special Economic Zone in the state of Gujarat and to constitute an Authority and for matters connected therewith or incidental thereto.*

સન ૨૦૦૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૧.

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૪ના માર્ચ મહિનાની ૩૦મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

**ગુજરાત રાજયમાં ખાસ આર્થિક ઝોનના સંચાલન, નિભાવ, વ્યવસ્થાપન અને વહીવટ માટે અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે સત્તામંડળની રચના કરવા માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.**

**આથી, ભારતના ગણરાજયના પંચાવનમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-**

**પ્રકરણ ૧**
**પ્રારંભિક**

**૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાસ આર્થિક ઝોન અધિનિયમ, ૨૦૦૪ કહેવાશે.** **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

**(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.**

**(૩) આ કલમ સન ૨૦૦૪ના ફેબ્રુઆરી મહિનાની ૧૦મી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે અને તેની બાકીની જોગવાઇઓ, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.**

**૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-** **વ્યાખ્યા.**

**(ક) ''સુખસગવડો'' એટલે રસ્તા, પાણી પુરવઠા, સ્ટ્રીટ લાઇટીંગ, વિદ્યુત પુરવઠો, ગટર-વ્યવસ્થા, ગંદા પાણીનો નિકાલ, ઔદ્યોગિક અને નગર વસાહતના કચરાનો સંચય, શુધ્ધિકરણ અને નિકાલ, જાહેર આરોગ્ય, શિક્ષણ, વાહનવ્યવહાર, અગ્નિશમન સેવા, જાહેર**

ઉદ્યાનો, કલબો, બજારો, દુકાનો અને આઉટલેટ સહિતની તમામ પાયાની અને આવશ્યક સેવાઓ અને રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી બીજી સુવિધાઓ અથવા સેવાઓ;

(ખ) "સત્તામંડળ" એટલે કલમ ૪ હેઠળ રચાયેલ ખાસ આર્થિક ઝોન વિકાસ સત્તામંડળ;

(ગ) "સહ-વિકાસકાર" એટલે ઝોનમાંની માળખાકીય સુવિધાઓ અને સુખસગવડોના કોઇ ભાગનો અથવા સમગ્રપણે વિકાસ કરવા, તેની યોજના ઘડવા, બાંધકામ કરવા, વ્યવસ્થા કરવા, ઉત્તેજન આપવા, સંચાલન કરવા અને નિભાવ કરવા અથવા વ્યવસ્થાપન કરવા વિકાસકારની સાથે જેણે કબૂલાતનામું કર્યું હોય તે વ્યકિત;

(ઘ) "વિકાસકાર " એટલે ઝોનની માળખાકીય સુવિધાઓ અને સુખસગવડોના કોઇ ભાગનો અથવા સમગ્રપણે વિકાસ કરે, બાંધકામ કરે, યોજના ઘડે, વ્યવસ્થા કરે, ઉત્તેજન આપે, સંચાલન કરે અથવા નિભાવ કરે અથવા વ્યવસ્થાપન કરે અને ભારત સરકારે તેને એ રીતે નીમેલ હોય તે વ્યકિત અથવા વ્યકિતઓનું મંડળ, કંપની, પેઢી અથવા એવું બીજું ખાનગી અથવા સરકારી અંડરટેકિંગ;

(ચ) " વિકાસ કમિશનર" એટલે આ અધિનિયમ હેઠળ વિકાસ કમિશનરના કાર્યો બજાવવા માટે ઝોન માટે ભારત સરકારે નીમેલ હોય તેવો અધિકારી;

(છ) "વિકાસ સમિતિ" એટલે કલમ ૧૨ હેઠળ રચાયેલી ખાસ આર્થિક ઝોન વિકાસ સમિતિ;

(જ) " સ્થાનિક ટેરિફ વિસ્તાર " એટલે ઝોન વિસ્તાર બહારનો એવો ભારતની અંદરનો વિસ્તાર;

(ઝ) "માળખાકીય સુવિધાઓ" એટલે ઝોનના વિકાસ અને સંચાલન માટેની ઔદ્યોગિક, વાણિજિયક અથવા બીજી કોઇ સુવિધા અને તેમાં રાજય સરકાર જાહેર કરે તેવી બીજી કોઇ સુવિધાઓનો અને સુખસગવડોનો સમાવેશ થાય છે;

(ટ) " ઓપરેટર" એટલે ઝોનમાં માળખાકીય સુવિધાઓ, સુખસગવડો અને સેવાઓ પૂરી પાડવા માટે વિકાસકારે કામે રાખેલ વ્યકિત;

(ઠ) " ઠરાવેલું " એટલે નિયમોથી ઠરાવેલું;

(ડ) " પ્રોસેસીંગ વિસ્તાર " એટલે ઝોનની અંદરનો સીમાશુલ્ક સત્તામંડળોએ મંજૂર કરેલ વિસ્તાર;

(ઢ) "વિનિયમો" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા વિનિયમો;

(ત) " નિયમો " એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો;

(થ) " ખાસ આર્થિક ઝોન " અથવા " ઝોન " એટલે ભારત સરકારે ખાસ આર્થિક ઝોન તરીકે જાહેર કરેલ વિસ્તાર;

(૬) " એકમ " એટલે ઝોનમાં પોતાનો ધંધો ચલાવતું હોય અને એકમ એપ્રુવલ સમિતિએ તે તરીકે જેને મંજૂરી આપી હોય તેવું સમગ્ર અથવા આંશિક એકમ અથવા એન્ટરપ્રાઇઝ (ઉદ્યોગ- સાહસ) ;

(૭) " એકમ એપ્રુવલ સમિતિ " એટલે કલમ ૮ હેઠળ રચાયેલ સમિતિ.

## પ્રકરણ ૨
## ખાસ આર્થિક ઝોનની સ્થાપના

**ઝોનની સ્થાપના અને વિકાસકારની નિમણૂક.**

૩. (૧) ખાસ આર્થિક ઝોનની સ્થાપના કરવા ઇચ્છતી કોઇ વ્યકિતએ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેવી વિગતો અને દસ્તાવેજો ધરાવતી અને તેવી ફી સાથે, રાજય સરકારને અરજી કરવી જોઇશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ અરજી મળ્યે, રાજય સરકાર તેની ચકાસણી કરશે અને તેની મંજૂરી અને વિસ્તારને ખાસ આર્થિક ઝોન તરીકે જાહેર કરવા અને આવા ઝોન માટે વિકાસકારની નિમણૂક માટે ભારત સરકારને, જો કોઇ ફેરફાર હોય, તો તે સાથે ભલામણ કરશે.

## પ્રકરણ ૩
## ખાસ આર્થિક ઝોન વિકાસ સત્તામંડળ

**ખાસ આર્થિક ઝોન વિકાસ સત્તામંડળની રચના.**

૪. (૧) આ અધિનિયમના હેતુઓ માટે, ખાસ આર્થિક ઝોન વિકાસ સત્તામંડળ નામનું એક સત્તામંડળ રહેશે.

(૨) સત્તામંડળ શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે અને તેના સંસ્થાપિત નામે તે દાવો માંડી શકશે અથવા તેની સામે દાવો માંડી શકાશે.

(૩)(ક) સત્તામંડળ, અધ્યક્ષ અને નીચે પ્રમાણેના બીજા સભ્યોનું બનેલું રહેશેઃ-

(૧) ગુજરાત સરકારના મુખ્ય સચિવ, હોદ્દાની રૂએ અધ્યક્ષ રહેશે;
(૨) ગુજરાત સરકારના સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, હોદ્દાની રૂએ;
(૩) ગુજરાત સરકારના સચિવ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, હોદ્દાની રૂએ;
(૪) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ, હોદ્દાની રૂએ;
(૫) ગુજરાત સરકારના સચિવ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, હોદ્દાની રૂએ;
(૬) ગુજરાત સરકારના સચિવ, વન અને પર્યાવરણ વિભાગ, હોદ્દાની રૂએ;
(૭) ગુજરાત સરકારના સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ, હોદ્દાની રૂએ;
(૮) ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, હોદ્દાની રૂએ;
(૯) ગુજરાત સરકારના સચિવ, મહેસૂલ વિભાગ, હોદ્દાની રૂએ;
(૧૦) ઉદ્યોગ કમિશનર, ગુજરાત રાજય, હોદ્દાની રૂએ;
(૧૧) વિકાસ કમિશનર, ખાસ આર્થિક ઝોન, હોદ્દાની રૂએ;

(૧૨) સત્તામંડળના સભ્ય સચિવ.

(ખ) સત્તામંડળ, તેના કાર્યો કાર્યક્ષમ રીતે બજાવવા માટે પોતે જરૂરી ગણે તેવા બીજા સભ્યો કો-ઓપ્ટ કરી શકશે.

(ગ) સત્તામંડળ, જ્યારે પણ જરૂરી હોય, ત્યારે સત્તામંડળની બેઠકમાં વિકાસકાર અથવા તેના પ્રતિનિધિને બોલાવી શકશે.

**સ્પષ્ટીકરણ.**- પેટા-કલમ(૩)ના હેતુ માટે, '' સચિવ '' માં વિભાગના અગ્ર સચિવ અથવા અધિક મુખ્ય સચિવનો સમાવેશ થાય છે.

**સત્તામંડળનું મુખ્ય મથક અને બેઠક.**

**૫.** (૧) સત્તામંડળનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે અથવા રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા બીજા સ્થળે રહેશે.

(૨) સત્તામંડળની બેઠક વિનિયમોથી જોગવાઇ કરવામાં આવે તેવા સમયે અને સ્થળે મળશે અને તેની બેઠકમાં કામકાજ ચલાવવાના સંબંધમાં કાર્યરીતિના એવા નિયમોનું પાલન કરશે.

(૩) સત્તામંડળનું કોઇપણ કાર્ય અથવા કાર્યવાહી, તેની કોઇ ખાલી પડેલ જગાના કારણે અથવા તેની રચનામાં ખામીને કારણે ગેરકાયદેસર ગણાશે નહિ.

**સત્તામંડળના કાર્યો અને સત્તા.**

૬. (૧) સત્તામંડળનું કાર્ય રાજયમાં ખાસ આર્થિક ઝોનનો આયોજિત વિકાસ સુનિશ્ચિત કરવાનું રહેશે અને તે, રાજયમાંના ઝોનના ઉત્કર્ષ, વિકાસ અને કાર્ય માટે પ્રાથમિક રીતે જવાબદાર રહેશે.

(૨) ઝોનના વિકાસના હેતુ માટે, સત્તામંડળને નીચેની સત્તાઓ રહેશે અને તે નીચેના કાર્યો બજાવશે:-

(ક) ગુજરાત માળખાકીય વિકાસ અધિનિયમ, ૧૯૯૯માં ગમે તે મજકૂર હોય તે છતાં, ઝોનની સમગ્ર માળખાકીય સુવિધાઓ અને સુખસગવડો અથવા તેના ભાગ માટે, ઠરાવવામાં આવે તે રીતે રાજ્ય સરકારને વિકાસકારના નામની ભલામણ કરવાની; **સન ૧૯૯૯નો ગુજરાતનો ૧૧મો.**

(ખ) જમીનના ઉપયોગ, ફ્લોર સ્પેસ લેવલ, પર્યાવરણલક્ષી જોગવાઇઓ, સલામતીના પગલાં અને રાજય સરકાર આદેશ કરે તેવી બીજી બાબતો સંબંધી ઝોનના વિકાસ માટેની માર્ગદર્શિકા તૈયાર કરવાની;

(ગ) રાજય સરકાર અથવા રાજય સરકારની માલિકીનું અને તેના નિયંત્રણ હેઠળનું કોર્પોરેશન, ઝોનની સ્થાપના કરવાના હોય, ત્યારે ઝોનના વિકાસ માટે જરૂરી હોય તેવો ટેકનો ઇકોનોમિક શકયતા રિપોર્ટ અથવા વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની;

(ઘ) આ અધિનિયમના હેતુઓ માટે, જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળ સંમતિ કરારથી અથવા કાર્યવાહી દ્વારા ઝોનમાં જમીન સંપાદન કરવાની; સન ૧૮૯૪નો ૧લો.

(ચ) ઠરાવવામાં આવે તેવી રીતે ઝોનમાં સરકારી જમીનની ફાળવણીને મંજૂર કરવાની;

(છ) રાજય સરકાર અથવા રાજય સરકારની માલિકીનું અને તેના નિયંત્રણ હેઠળનું કોર્પોરેશન, ઝોનની સ્થાપના કરવાના હોય, ત્યારે ઝોનના પ્રોજેક્ટની જુદા જુદા અંગભૂત ભાગો અથવા પ્રવૃત્તિના વિકાસ માટે સંયુકત સાહસની વ્યવસ્થા કરવાની;

(જ) રાજય સરકાર અને કેન્દ્ર સરકારના વિભાગો સાથે સંકલન કરવાની અને ઝોનની પરિયોજના અને પ્લાનનું સમયબધ્ધ અમલીકરણ સુનિશ્ચિત કરવાની;

(ઝ) ઝોનના વિકાસ માટે ભારત સરકાર સોંપે તેવા બીજા કાર્યો કરવાની;

(ટ) રાજય સરકાર સોંપે તેવા બીજા કાર્યો કરવાની.

(૩) પેટા-કલમો (૧) અને (૨) ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, સત્તામંડળ નીચેની સત્તાઓ વાપરશે અને નીચેના કાર્યો બજાવશે :-

(ક) મંજૂર થયેલ બૃહદ્ યોજના(માસ્ટર પ્લાન)નું પાલન સુનિશ્ચિત કરવાની અને વિકાસકાર દ્વારા જરૂર હોય તો પ્લાનમાંના કોઇ ફેરફાર મંજૂર કરવાની અને વિકાસકારે અમલ કરવાના નગરરચના અને શહેરી વિકાસના ધોરણો માટે માર્ગદર્શક સિધ્ધાંતોની જોગવાઇ કરવાની;

(ખ) ખાસ આર્થિક ઝોન વિકાસ બોર્ડ, એકમ એપ્રુવલ સમિતિ, વિકાસ સમિતિ અને ફરમાવવામાં આવે તેની બીજી સમિતિઓમાં સભ્ય નામનિયુકત કરવાની;

(ગ) સંબંધિત ઝોનની એકમ એપ્રુવલ સમિતિ અને વિકાસ સમિતિની પ્રવૃત્તિઓ અને તેના કાર્યપાલનની દેખરેખ રાખવાની અને માર્ગદર્શન પૂરું પાડવાની;

(ઘ) ઝોનનું કોઇ વિશિષ્ટ કાર્ય બજાવવા માટે જરૂરી હોય તેવી બીજી સમિતિઓ રચવાની.

(૪) સત્તામંડળ, સામાન્ય અથવા વિશેષ હુકમથી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી શરતોએ, તેની સત્તા અને કાર્યોની ઝોનના વિકાસ કમિશનરને અથવા વિકાસ સમિતિને સોંપણી કરી શકશે.

**સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓ.**

૭. (૧) સત્તામંડળ, સભ્ય સચિવ અને પોતાના કાર્યોની બજવણી માટે પોતાને જરૂરી લાગે તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓ નીમી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલ સભ્ય-સચિવ, અધિકારીઓ અને કર્મચારીઓનું વિનિયમોથી નકકી કરવામાં આવે તેવી સેવાની બોલીઓ અને શરતોથી નિયમન થશે.

(૩) સભ્ય-સચિવ, અધિકારીઓ અને કર્મચારીઓ, સત્તામંડળ તેમને સોંપે તેવી સત્તા વાપરશે અને ફરજો બજાવશે.

## પ્રકરણ ૪
## એકમ એપ્રુવલ સમિતિ

એકમ એપ્રુવલ સમિતિ.

૮. (૧) ઝોન માટે ભારત સરકારે રચેલી એકમ એપ્રુવલ સમિતિના સભ્યો ઉપરાંત સમિતિમાં નીચેના સભ્યો રહેશે :-

(૧) વિકાસ કમિશનરની કચેરીમાં નામનિયુક્ત થયેલા ઉદ્યોગ અને ખાણ વિભાગના એક અધિકારી;

(૨) વિકાસ કમિશનરની કચેરીમાં નામનિયુક્ત થયેલા વન અને પર્યાવરણ વિભાગના એક અધિકારી;

(૩) વિકાસ કમિશનરની કચેરીમાં નામનિયુક્ત થયેલા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ્ વિભાગના એક અધિકારી;

(૪) વિકાસ કમિશનરની કચેરીમાં નામનિયુક્ત થયેલા શ્રમ અને રોજગાર વિભાગના એક અધિકારી.

(૨) સમિતિના અધ્યક્ષ સદરહુ સમિતિમાં પ્રતિનિધિત્વ ન ધરાવતા હોય તેવા સરકારી વિભાગોનું પ્રતિનિધિત્વ કરવા માટે આમંત્રિત તરીકે તજજ્ઞ અથવા રાજય સરકારના કોઇ વિભાગમાંથી કોઇ અધિકારીને આમંત્રિત કરી શકશે.

એકમ એપ્રુવલ સમિતિના કાર્યો.

૯. (૧) ભારત સરકારે સોંપેલા કાર્યો ઉપરાંત, એકમ એપ્રુવલ સમિતિએ, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે ઝોનની અંદર એકમ ઉભુ કરવા માટે નીચે પ્રમાણેની સ્થાનિક અને રાજય કક્ષાની જરૂરી પરવાનગીઓ, મંજૂરીઓ, લાઇસન્સ આપવા જોઇશે અથવા યથાપ્રસંગ, રાજય અધિનિયમો હેઠળની નોંધણી કરવી જોઇશે:-

(૧) કોઇપણ રાજય અધિનિયમો હેઠળ એકમની નોંધણી કરવાનું અને એકમ શરૂ કરવા, ચલાવવા અને સંચાલન કરવા માટેનું લાઇસન્સ આપવાનું;

(૨) કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ કારખાના અને બોઇલર નિરીક્ષકની કચેરી વતી સ્થળ પરવાનગી; સન ૧૯૪૮નો ૬૩મો.

(૩) કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ કારખાનાની સ્થાપના માટેનો પ્લાન મંજૂર કરવાની; સન ૧૯૪૮નો ૬૩મો.

(૪) મુખ્ય બોઇલર નિરીક્ષક વતી બોઇલરની નોંધણી;

(૫) વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે સેવા પૂરી પાડનાર એજન્સીઓ અને ગ્રાહકો વચ્ચેની વાણિજિયક પ્રકારની તકરારોનો નિકાલ કરવાનો;

(૬) વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે માળખાકીય સુવિધાઓ અને સુખસગવડો અને સેવાઓના સંબંધમાં એકમ અને વિકાસકાર વચ્ચેની તકરારોનો નિકાલ કરવો અને તે ઉપર એકમ એપ્રુવલ સમિતિનો નિર્ણય આખરી ગણાશે;

(૭) આ અધિનિયમ હેતુઓ માટે સામાન્ય અથવા વિશેષ હુકમથી રાજય સરકાર અધિકૃત કરી શકે તેવી કોઈ બીજી મંજૂરી અથવા પરવાનગી.

(૨) એકમ એપ્રુવલ સમિતિએ તેણે આપેલ પરવાનગી, મંજૂરી, લાયસન્સ અથવા કરેલ નોંધણીની દેખરેખ રાખવી જોઈશે અને તેનું નિયંત્રણ કરવું જોઈશે અને તે આવી પરવાનગી, મંજૂરી, લાઈસન્સ અથવા નોંધણીની કોઈપણ બોલીઓ અને શરતોના ભંગ અથવા અપાલન માટે લાગુ પડતા સંબંધિત કાયદાઓ હેઠળ યોગ્ય પગલું લઈ શકશે.

(૩) એકમ એપ્રુવલ સમિતિ, તેણે આપેલ પરવાનગી, મંજૂરી, લાઇસન્સ અથવા કરેલ નોંધણીની દેખરેખ રાખવા માટે અને નિયંત્રણ કરવા માટે કોઇ એજન્સીને નીમી શકશે અને આવી પરવાનગી, મંજૂરી, લાઇસન્સ અથવા કરેલ નોંધણીની દેખરેખ રાખવા માટે અને નિયંત્રણ કરવા માટે જરૂરી એવી કોઇ માહિતી મંગાવી શકશે.

૧૦. બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર,– એકબારી પરવાનગી.

(૧) એક અથવા તેથી વધારે કાયદા હેઠળની મંજૂરી, પરવાનગી, લાઇસન્સ, નોંધણી અને ના વાંધા પ્રમાણપત્ર માટે અરજીનો સામાન્ય નમૂનો ઠરાવી શકશે;

(૨) સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રાજય સરકાર અથવા સરકારના તાબાના મંડળની એવી સત્તા વાપરવા માટે વિકાસ કમિશનરને અધિકૃત કરી શકશે;

(૩) બે અથવા વધુ કાયદાઓ હેઠળ અહેવાલ આપવા માટે એક જ પત્રક ઠરાવી શકશે;

(૪) ઝોનમાં લાગુ પડતા કાયદાઓના અનુપાલનની દેખરેખ રાખવા કોઇ અધિકારી અથવા એજન્સીને અધિકૃત કરી શકશે.

## પ્રકરણ ૫
## ખાસ આર્થિક ઝોન વિકાસ સમિતિ

૧૧. (૧) ઝોનના વિસ્તારમાં પૂરી પાડવા ધારેલ મ્યુનિસિપલ સેવાઓને અને એવા બીજા પરિબળોને લક્ષમાં લઇને, દરેક ઝોન, ભારતના સંવિધાનની કલમ ૨૪૩-ન ના ખંડ (૧)ના પરંતુક હેઠળ ઔદ્યોગિક નગર વસાહત વિસ્તાર તરીકે ગણાશે. ઝોનને ઔદ્યોગિક નગર વસાહત ગણવા બાબત.

(૨) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ઝોનનો વિસ્તાર, કોઇ મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપલ કાઉન્સિલ, નગર પંચાયત અથવા ગ્રામ પંચાયત અથવા રાજય કાયદાઓ હેઠળ રચાયેલ જાહેર કરેલ વિસ્તારની હકૂમત હેઠળ હોતો બંધ થશે.

૧૨. (૧) ખાસ આર્થિક ઝોન વિકાસ સમિતિ નીચેના સભ્યોની બનશે :- ખાસ આર્થિક ઝોન વિકાસ સમિતિ.

(૧) વિકાસકાર અથવા તેણે નામનિયુકત કરેલ વ્યક્તિ;

(૨) ઝોનના વિકાસ કમિશનર અથવા તેણે નામનિયુકત કરેલ વ્યકિત;

(૩) રાજય સરકારે નામનિયુક્ત કરેલ વ્યકિત.

(૨) વિકાસકાર અથવા તેણે નામનિયુક્ત કરેલ વ્યકિત, વિકાસ સમિતિના અધ્યક્ષ રહેશે.

(૩) વિકાસ સમિતિ, એકમના પ્રતિનિધિઓને, રહેવાસીઓને, સેવા પૂરી પાડનારાઓને અને બીજી રસ ધરાવતી બીજી વ્યકિતઓને સમિતિની બેઠકમાં બોલાવી શકશે.

(૪) વિકાસ સમિતિ, પોતે યોગ્ય ગણે તેવા સ્થળ ખાતે મળશે અને તેની બેઠકમાં કામકાજ ચલાવવા માટેના પોતે યોગ્ય ગણે તેવા કાર્યરીતિના નિયમોનું પાલન કરશે.

વિકાસ સમિતિના કાર્યો.

૧૩. વિકાસ સમિતિ, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે નીચેના કાર્યો બજાવશેઃ-

(૧) (ક) સત્તામંડળે તૈયાર કરેલ માર્ગદર્શિકાઓ અનુસાર ઝોનના વિકાસ માટેનો પ્લાન તૈયાર કરવો અને પ્લાન અનુસાર ઔદ્યોગિક, વાણિજિયક, રહેણાંક અને બીજા હેતુઓ માટે જગાઓનું સીમાંકન અને વિકાસ કરવો;

(ખ) માળખાકીય સુવિધાઓ અને સુખસગવડો પૂરી પાડવી;

(ગ) ઔદ્યોગિક, વાણિજિયક, રહેણાક અથવા બીજા હેતુઓ માટે જમીનના પ્લોટો, વેચાણથી અથવા પટાથી અથવા અન્યથા ફાળવવા અને તબદીલ કરવા;

(ઘ) મકાનોના બાંધકામનું નિયમન કરવુ.

(૨) ઝોનમા હદો અથવા તેમાંના કોઈ ફેરફારને નક્કી કરતાં મહત્વના સીમા ચિહ્નો ઊભા કરવા.

(૩) એકમો અને રહેવાસીઓને નીચેની પાયાની અને આવશ્યક માળખાકીય સુવિધાઓ અને સુખસગવડો ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવું :-

(૧) જાહેર શેરીઓ, પુલો, પેટા-માર્ગો, ગરનાળા, કોઝવે અને તેના જેવી સુવિધાઓ;
(૨) જાહેર પરિવહનની સુવિધા;
(૩) વિદ્યુત પુરવઠો;
(૪) પાણી પુરવઠો;
(૫) પૂરતી પાણી-નિકાલ, ગટરકામની સુવિધાઓ અને સાર્વજનિક જાજરૂ, ખાળ, મુતરડી અને તેના જેવી સગવડો;
(૬) ગટરના પાણીનો સંચય અને શુધ્ધિકરણ;
(૭) ઔદ્યોગિક અને નગરવસાહતના ઘન કચરાનો સંચય, શુધ્ધિકરણ અને નિકાલ;
(૮) જાહેર શેરીઓ, મ્યુનિસિપલ બજારો અને બીજા જાહેર મકાનોની દીવાબત્તી;
(૯) જાહેર સ્મારકો, ખુલ્લી જગાઓ અને બીજી જાહેર મિલકતનો નિભાવ.

(૪) ઝોનના વિકાસ અને એકમો અને તેના રહેવાસીઓની જરૂરિયાત અનુસાર એકમ અને તેના રહેવાસીઓને નીચેની સામાજિક માળખાકીય સુવિધાઓ અને સેવાઓ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવું :-

(૧) જાહેર હોસ્પિટલો અને દવાખાનાં;
(૨) એમ્બ્યુલન્સ સેવા;
(૩) મૃતકોના નિકાલ માટેના અને બિનવારસી મૃતદેહોના નિકાલ માટેના સ્થળો;
(૪) જાહેર બજારો, કતલખાના;
(૫) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે શાળાઓ;
(૬) પ્રસૂતિગૃહ અને શિશુ કલ્યાણ ગૃહો અને કેન્દ્રો;
(૭) જાહેર ઉદ્યાનો, બગીચા, રમતના મેદાનો અને મનોરંજનની સુવિધાઓ;

(૮) પોલીસ સ્ટેશનો;

(૯) આગ બુઝાવવા અને આગની સામે જાન અને મિલકતના સંરક્ષણ માટે યોગ્ય ઉપકરણોથી સજ્જ અગ્નિશમન દળનો નિભાવ;

(૧૦) બીજી કોઈ સામાજિક સેવાઓ.

(૫) બિન-આરોગ્યપ્રદ રહેણાંકોનું નવસર્જન, હાનિકારક વનસ્પતિ દૂર કરવી અને તમામ ત્રાસદાયક વ્યક્તિઓ કે વસ્તુઓ દૂર કરવી.

સન ૧૯૫૪નો મુંબઈનો ૫મો. સન ૧૯૬૯નો ૧૮મો.

(૬) મુંબઈ લગ્ન નોંધણી અધિનિયમ, ૧૯૫૩ અને જન્મ અને મરણની નોંધણી બાબતનો અધિનિયમ, ૧૯૬૯ની જોગવાઈઓ હેઠળ લગ્ન અને જન્મ અને મરણની નોંધણી.

સન ૧૮૯૨નો મુંબઈનો ૧લો.

(૭) મુંબઈ જિલ્લા રસીકરણ અધિનિયમ, ૧૮૯૨ની જોગવાઈઓ અનુસાર જાહેર રસીકરણ યોજવું.

(૮) જોખમી રોગોના ફેલાવાને અટકાવવો અને તેની તપાસ રાખવી.

(૯) અનધિકૃત બાંધકામ અને દબાણ દૂર કરવા.

(૧૦) શેરીઓ, પુલો અને બીજા જાહેર સ્થળોમાંના અથવા તેની ઉપરના અવરોધો અને બહાર નીકળી આવેલા ભાગો દૂર કરવા.

(૧૧) શેરીઓ અને જાહેર સ્થળોના નામ અથવા નંબર આપવા અને ઈમારતોને નંબર આપવા.

(૧૨) વિકાસકારે પૂરી પાડેલ માળખાકીય સુવિધાઓ, સુખસગવડો અને સેવાઓ માટેનો ચાર્જ નક્કી કરવો.

(૧૩) વિકાસ સત્તામંડળે ઠરાવેલ નગરરચનાના ધારાધોરણો ઉપર દેખરેખ રાખવી.

(૧૪) સત્તામંડળ સોંપે તેવા બીજા કાર્યો.

## પ્રકરણ ૬
## માળખાકીય સુવિધાઓ

**માળખાકીય સુવિધાઓ અને સેવાઓ.**

૧૪. (૧) ઝોનમાં સેવાઓ પૂરી પાડવાના હેતુઓ માટે નીચેની તમામ અથવા કોઈ માળખાકીય સુવિધાઓ, સુખસગવડો અને સેવાઓના વિકાસ, બાંધકામ, સ્થાપન, સંચાલન, વ્યવસ્થાપન અને નિભાવની જવાબદારી ઝોનના વિકાસકારની રહેશે:-

(૧) વિદ્યુત ઉત્પાદન અને પુરવઠો;

(૨) પાણી બહાર કાઢવું, તેના પર પ્રક્રિયા કરવી, તેનું વહન અને વિતરણ કરવું;

(૩) ગંદા પાણીનું શુધ્ધિકરણ અને ઘન કચરાનો નિકાલ;

(૪) નાના બંદર અને સેવાઓ સંબંધી જોગવાઈ;

(૫) માર્ગો અને પુલોની જોગવાઇ;

(૬) ગેસ વિતરણ તંત્ર માટે જોગવાઇ;

(૭) સંદેશાવ્યવહાર અને માહિતી તંત્રના વહન માટે જોગવાઇ; અને

(૮) વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી બીજી કોઇ સેવાઓ.

(૨) વિનિયમોને અધીન રહીને, વિકાસકાર, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ માળખાકીય સુવિધાઓ, સુખસગવડો અને સેવાઓ પૂરી પાડવા માટે વિકાસ સમિતિ મંજૂર કરે તે પ્રમાણેનો વપરાશનો ચાર્જ અથવા ફીની વસૂલાત કરી શકશે.

(૩) આ અધિનિયમ હેઠળ માળખાકીય પેદાશો અથવા સેવાઓ પૂરી પાડવા માટે ભારતમાં પ્રવર્તમાન પ્રસ્તુત અધિનિયમો, માર્ગદર્શિકાઓ, નિયમો અને વિનિયમો, પેદાશ અથવા સેવા ની ગુણવત્તા અને સલામતીની જરૂરિયાતને લાગુ પડશે.

**વિદ્યુતનો પુરવઠો અને શુલ્કમાંથી મુક્તિ.**

૧૫. (૧) ઝોનમાં વિદ્યુત ઉત્પાદન કરતી કોઇપણ વ્યકિત, રાજય સરકારની મંજૂરી મેળવ્યા પછી અને પુરવઠાકાર અને બોર્ડે કબૂલ કરેલી બોલીઓ અને શરતોએ ગુજરાત વિદ્યુત બોર્ડને વીજળી પૂરી પાડી શકશે.

(૨) ઝોનના પ્રોસેસીંગ વિસ્તારમાં આવેલ એકમને, મુંબઇ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ હેઠળ ઉત્પાદન કરતા એકમના કિસ્સામાં ઉત્પાદનની તારીખથી અને સેવા એકમના કિસ્સામાં સેવાઓ પૂરી પાડયાની તારીખથી દસ વર્ષની મુદત માટે વિદ્યુત શુલ્કમાંથી મુકિત આપવામાં આવશે.

સન ૧૯૫૮નો મુંબઇનો ૪૦મો.

**પાણી, રસ્તા, ગેસ અને બીજી સુવિધાઓ.**

૧૬. (૧) વિકાસકાર અથવા તેનો એજન્ટ, લાગુ પડતા સેવાના ધોરણો અનુસાર ઝોનની અંદર પાણી ખેંચવા, શુધ્ધિકરણ કરવા, વહન કરવા અને વિતરણ કરવા માટે તંત્ર અને સુવિધાઓ ઊભી કરી શકશે.

(૨) વિકાસકાર અથવા તેનો એજન્ટ, લાગુ પડતા સેવાના ધોરણો અનુસાર ઝોનમાં ગંદા પાણી અને ઘન કચરાના નિકાલ અને તેની પ્રક્રિયા કરવા માટે તંત્ર અને સુવિધાઓ ઉભી કરી શકશે.

(૩) વિકાસકાર અથવા તેનો એજન્ટ, ઝોનની અંદર રસ્તા, પુલો, વાહનવ્યવહાર સેવાઓ અને કોઇ વાહનવ્યવહાર તંત્ર વિકસાવી શકશે, સંચાલન કરી શકશે અને નિભાવી શકશે અને વિનિયમો દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે આવી સુવિધા પૂરી પાડવા માટે વિકાસ સમિતિ મંજૂર કરે તેવો ટોલ(માર્ગ-કર) અથવા ફી વસૂલ કરી શકશે.

(૪)(ક) બંદરોના સંબંધમાં સરકારે ઘડેલી નીતિને અધીન રહીને, વિકાસકાર અથવા તેનો એજન્ટ, ઝોનમાં વપરાશ માટે માલ ઉતારવા માટે અને ઝોનમાંથી માલ વહાણમાં ચઢાવવા માટે ઝોનની અંદર નાનું બંદર વિકસાવી શકશે, સંચાલન કરી શકશે અને નિભાવી શકશે.

(ખ) વિકાસકારે અથવા તેના એજન્ટે, ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા વિનિયમો દ્વારા ઠરાવેલ બોલીઓ અને શરતો પ્રમાણે બીજા વહાણોનો માલ (ઝોન માટેના નહિ તેવા) ઉતારવા માટે વ્યવસ્થા કરવી જોઇશે.

(ગ) વિકાસકાર અથવા તેનો એજન્ટ, ગુજરાત મેરીટાઇમ બોર્ડના આદેશો અનુસાર ઝોનની અંદર નાના બંદરમાં પ્રવેશતા વહાણો પાસેથી અને બંદર ખાતે ઉતારાયેલ માલના અને રવાના કરાયેલ માલ ઉપરની ટેરીફ નકકી કરી શકશે અને લઇ શકશે.

(૫) વિકાસકાર અથવા તેનો એજન્ટ, ઝોનમાં ગેસ વિતરણ તંત્ર ઉભું કરી શકશે.

## પ્રકરણ ૭

## શ્રમ

**મજૂર કમિશનરની સત્તા વિકાસ કમિશનરને સોંપવા બાબત.**

૧૭. (૧) અનુસૂચિ ૧ માં નિર્દિષ્ટ કરેલ અધિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, તે અધિનિયમો હેઠળ મજૂર કમિશનરને અથવા કોઇપણ અધિકારીને મળેલ સત્તા, ફરજો અને કાર્યો, વિકાસ કમિશનર અથવા તે આ અર્થે અધિકૃત કરે તેવા અધિકારી દ્વારા વાપરવામાં અને બજાવવામાં આવશે.

(૨) રાજય સરકાર જરૂરી ગણે તે પ્રમાણે અને ત્યારે, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિ ૧ સુધારી શકશે અને અને તેમ થયે, અનુસૂચિ ૧ તદ્નુસાર સુધારેલી ગણાશેઃ

પરંતુ સંસદે કરેલ અધિનિયમ ઉમેરીને અનુસૂચિ ૧ સુધારવાની હોય, ત્યારે એવો સુધારો ભારત સરકારની પૂર્વમંજૂરીથી કરવો જોઇશે.

**અમુક અધિનિયમોના સુધારા.**

૧૮. અનુસૂચિ ૨ ની બીજી કોલમમાં નિર્દિષ્ટ કરેલ દરેક અધિનિયમ, તેની સામે તેની ત્રીજી કોલમમાં નિર્દિષ્ટ કરેલ રીતે અને તેટલા પ્રમાણમાં સુધારવા જોઇશે.

**જુદા જુદા કાયદાઓ હેઠળનું એકત્રિત પત્રક.**

૧૯. ઝોનમાંના એકમોએ, વિકાસ કમિશનરને નીચેના અધિનિયમો હેઠળ, સામયિક પત્રકોને બદલે ઠરાવેલ નમૂનામાં એકત્રિત વાર્ષિક અહેવાલ પૂરો પાડવો જોઇશે.

સન ૧૯૨૩નો ૮મો. (૧) કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩;

સન ૧૯૩૬નો ૪થો. (૨) વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬;

સન ૧૯૪૮નો ૬૩મો. (૩) કારખાના અધિનિયમ, ૧૯૪૮;

સન ૧૯૪૮નો ૧૧મો. (૪) ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮;

સન ૧૯૬૧નો ૫૩મો. (૫) પ્રસૂતિ સહાયતા અધિનિયમ, ૧૯૬૧;

સન ૧૯૬૫નો ૨૧મો. (૬) બોનસ ચૂકવણી અધિનિયમ, ૧૯૬૫;

સન ૧૯૭૦નો ૩૭મો. (૭) કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦; અને

(૮) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા બીજા અધિનિયમોઃ

પરંતુ સંસદે કરેલ બીજા કોઇ અધિનિયમને રાજય સરકારે નિર્દિષ્ટ કરવાનો હોય, ત્યારે ભારત સરકારની પૂર્વમંજૂરીથી તેને નિર્દિષ્ટ કરવો જોઈશે.

સન ૧૯૪૭ના ૧૪મા અધિનિયમનું પ્રકરણ ૫-ક ઝોનને લાગુ પાડવા બાબત.

૨૦. ઝોનમાં ઔદ્યોગિક સંસ્થાઓ ઊભી કરવાને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના પ્રકરણ ૫-કની જોગવાઈઓ લાગુ પડશે. સન ૧૯૪૭નો ૧૪મો.

## પ્રકરણ ૮
## નાણાકીય લાભો

રાજયના વેરા અને તે લેવા બાબત.

૨૧. (૧) ઝોનના પ્રોસેસીંગ વિસ્તારની અંદર કરેલ તમામ વેચાણો અને વ્યવહારો, નીચે નિર્દિષ્ટ કરેલ પ્રમાણમાં તમામ વેરા, ઉપકર, ડયુટી, ફી અથવા રાજયના કોઇ કાયદા હેઠળ લેવાપાત્ર કોઇ બીજા મજકૂરમાંથી મુક્ત રહેશે :

(ક) ઝોનમાં માન્ય એકમો માટેની જમીનની તબદીલી પર ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડયુટી અને રજિસ્ટ્રેશન ફી;

(ખ) ઝોનના પ્રોસેસીંગ વિસ્તારમાં ઉભા કરાયેલ યુનિટ, ઉદ્યોગ અથવા સંસ્થાએ કરેલ લોનની કબૂલાતો, શાખપત્રો અને ગીરોખતો પર લેવાની સ્ટેમ્પ ડયુટી અને રજિસ્ટ્રેશન ફી;

(ગ) વેચાણવેરો, ખરીદવેરો, મોટર સ્પિરિટ વેરા, સુખસુવિધા કર, મનોરંજન કર અને વેચાણો અને વ્યવહારો પર ભરવાપાત્ર બીજા વેરા અને ઉપકર;

(૨) ડોમેસ્ટીક ટેરીફ વિસ્તારમાંથી ઝોનના એકમોમાં [illegible] (માલ અને સેવાઓ)ને વેચાણ વેરો અને રાજય કાયદા હેઠળના બીજા વેરાઓમાંથી મુકિત આપવામાં આવશે.

(૩) વિકાસકાર સમગ્ર ઝોન માટે પેટા-કલમો (૧) અને (૨) માં જોગવાઇ કર્યા પ્રમાણેની મુકિતના લાભો માટે પણ હકદાર થશે.

## પ્રકરણ ૯
## પ્રકીર્ણ

અધિનિયમની ઉપરવટ અસર.

૨૨. તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં રહેશે.

શુધ્ધબુધ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

૨૩. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો અથવા વિનિયમો હેઠળ શુધ્ધબુધ્ધિથી કરેલ અથવા કરવા ધારેલ કોઇ કાર્ય માટે કોઇ વ્યકિત સામે કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

**સભ્યો અને કર્મચારીઓ રાજયસેવકો ગણાશે.**

સન ૧૮૬૦નો ૪૫મો.

૨૪. સત્તામંડળનો દરેક સભ્ય, વિકાસ કમિશનર અને સત્તામંડળનો દરેક અધિકારી અને કર્મચારી, આ અધિનિયમની અથવા તે હેઠળ કરાયેલ કોઇ નિયમ અથવા વિનિયમની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતાં હોય અથવા તેમ કરતા હોવાનું અભિપ્રેત હોય ત્યારે, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ ના અર્થ મુજબ રાજય સેવક છે એમ ગણાશે.

**નિયમો કરવાની રાજય સરકારની સત્તા.**

૨૫. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આ અધિનિયમથી સ્પષ્ટ રીતે ફરમાવેલ અથવા મંજૂર કરેલ તમામ અથવા કોઇપણ બાબત માટે નિયમોથી ઠરાવવાની જોગવાઇ કરવા માટે એવા નિયમો કરી શકાશે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછીં શકય હોય તેટલા જલદી ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તેમાં અથવા તેની તરત પછીના સત્ર દરમ્યાન, રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કોઇ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કાંઇ રદ કરે અથવા કાંઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

**વિનિયમો કરવાની સત્તામંડળની સત્તા.**

૨૬. સત્તામંડળ, રાજય સરકારની પૂર્વમંજૂરીથી, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યો બજાવી શકે તે માટે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

**મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

૨૭. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇપણ મુશ્કેલી ઉભી થાય તો, રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી લાગે તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશેઃ

પરંતુ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરા થયા પછી, આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલ દરેક હુકમ, તે કર્યા પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

**રદ કરવા બાબત અને અપવાદ.**

સન ૨૦૦૪નો ગુજરાત વટહુકમ ૧લો.

૨૮. (૧) ગુજરાત ખાસ આર્થિક ઝોન વટહુકમ, ૨૦૦૪ આથી રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમ હેઠળ કરેલ કંઇપણ કૃત્ય અથવા લીધેલ કોઇપણ પગલું આ અધિનિયમ હેઠળ કરેલ અથવા લીધેલ હોવાનું ગણાશે.

## અનુસૂચિ ૧

## (જુઓ કલમ ૧૭)

| અનુક્રમાંક | ટૂંકી સંજ્ઞા | |
|---|---|---|
| ૧ | ૨ | |
| ૧. | વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬. | સન ૧૯૩૬નો ૪થો. |
| ૨. | ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ, ૧૯૪૬. | સન ૧૯૪૬નો ૨૦મો. |
| ૩. | મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬. | સન ૧૯૪૭નો મુંબઇનો ૧૧મો. |
| ૪. | કારખાના અધિનિયમ, ૧૯૪૮. | સન ૧૯૪૮નો ૬૩મો. |
| ૫. | ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮. | સન ૧૯૪૮નો ૧૧મો. |
| ૬. | ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭. | સન ૧૯૪૭નો ૧૪મો. |
| ૭. | વ્યવસાયી પત્રકાર અને બીજા વર્તમાનપત્ર કર્મચારીઓની (નોકરીની શરતો) અને પ્રકીર્ણ જોગવાઇઓ અધિનિયમ, ૧૯૫૫. | સન ૧૯૫૫નો ૪૫મો. |
| ૮. | પ્રસૂતિ સહાયતા અધિનિયમ, ૧૯૬૧. | સન ૧૯૬૧નો ૫૩મો. |
| ૯. | બોનસ ચૂકવણી અધિનિયમ, ૧૯૬૫. | સન ૧૯૬૫નો ૨૧મો. |
| ૧૦. | બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬. | સન ૧૯૬૬નો ૩૨મો. |
| ૧૧. | કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦. | સન ૧૯૭૦નો ૩૭મો. |
| ૧૨. | ગ્રેચ્યુઇટી ચૂકવણી અધિનિયમ, ૧૯૭૨. | સન ૧૯૭૨નો ૩૯મો. |
| ૧૩. | સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬. | સન ૧૯૭૬નો ૨૫મો. |
| ૧૪. | આંતર-રાજય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯. | સન ૧૯૭૯નો ૩૦મો. |
| ૧૫. | બાળ શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬. | સન ૧૯૮૬નો ૬૧મો. |
| ૧૬. | અશકત વ્યકિત (સમાન તક, અધિકાર સંરક્ષણ અને સંપૂર્ણ સહયોગ) અધિનિયમ, ૧૯૯૫. | સન ૧૯૯૬નો ૧લો. |

અનુસૂચિ ૨
(જુઓ કલમ ૧૮)

| અનુક્રમાંક | અધિનિયમનોનું નામ | સુધારાનું પ્રમાણ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬. (સન ૧૯૪૭નો મુંબઇનો ૧૧મો). | કલમ ૨માં, પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી :-<br><br>" (૫) આ અધિનિયમની જોગવાઇઓ, ભારત સરકારે તે તરીકે જાહેર કરેલ ખાસ આર્થિક ઝોનમાં ઉભા કરાયેલ ઉદ્યોગ, એકમ અથવા સંસ્થાને લાગુ પડશે નહિ.". |
| ૨. | કારખાના અધિનિયમ, ૧૯૪૮. (સન ૧૯૪૮નો ૬૩મો). | કલમ ૬૬માં, પેટા-કલમ (૧) માં, પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો :-<br><br>"વધુમાં રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નીચેની શરતોને અધીન રહીને ભારત સરકારે તે તરીકે જાહેર કરેલ ખાસ આર્થિક ઝોનમાં આવેલ કોઇ કારખાનાના સંબંધમાં ખંડ (ખ)માં નિયત કરેલી સમયમર્યાદામાં ફેરફાર કરી શકશે :-<br><br>(ક) કામે રાખનારે, સ્ત્રી કર્મચારીઓ માટે રહેઠાણથી કામના સ્થળ સુધી આવવા અને જવા માટે નિશુલ્ક વાહનવ્યવહાર સુવિધા પૂરી પાડવી જોઇશે.<br>(ખ) કામે રાખનારે, કામના સ્થળે અને અવરજવર દરમિયાન સ્ત્રી કર્મચારીઓ માટે સલામતી સુનિશ્ચિત કરવી જોઇશે.<br><br>(ગ) કામે રાખનારે, સ્ત્રી કર્મચારીઓ માટે અલગ ઘોડીયાઘર અને વિશ્રામ ગૃહોની સુવિધા પૂરી પાડવી જોઇશે. ". |
| ૩. | ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭. (સન ૧૯૪૭નો ૧૪મો). | કલમ ૨ માં, ખંડ (થ) માં, પેટા-ખંડ (૫) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો:-<br>"(૫ક) ભારત સરકારે તે તરીકે જાહેર કરેલ ખાસ આર્થિક ઝોનમાં ઉભા કરાયેલ ઉદ્યોગ |

| | | |
|---|---|---|
| | | અથવા સંસ્થામાંની કોઇ સેવા. ". |
| ૪. | કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦. (સન ૧૯૭૦નો ૩૭મો). | કલમ ૨ માં, ખંડ (ચ)માં, પેટા-ખંડ (૨) માં, "જયાં કોઇ ઉદ્યોગ" એ શબ્દો પહેલાં, "ભારત સરકારે તે તરીકે જાહેર કરેલ ખાસ આર્થિક ઝોનના સ્થળ અથવા વિસ્તાર સિવાયની" એ શબ્દો દાખલ કરવા. |
| ૫. | કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬. (સન ૧૯૨૬નો ૧૬મો.). | કલમ ૨૨માં, પ્રથમ પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો :- "વધુમાં, ભારત સરકારે તે તરીકે જાહેર કરેલ ખાસ આર્થિક ઝોનમાં આવેલ ઔદ્યોગિક સંસ્થાઓમાંના રજિસ્ટર થયેલ કામદાર સંઘોના તમામ હોદ્દેદારો, કામદાર સંઘ જેની સાથે સંકળાયેલ હોય તે ઉદ્યોગમાં ખરેખર કામ કરતી અથવા કામે રખાયેલી વ્યકિતઓ હોવી જોઇશે. ". |

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.